ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૧૭-૦૩-૨૦૨૬

- **સમયસર સરકારી ભરતીઓ નહિ થવાથી હજારો ઉમેદવારો ઉંમર મર્યાદા વટાવી જવાથી નોકરીથી વંચિત બન્યા : અમિત ચાવડા**
- **કર્મચારીઓને કર્મયોગી કહો છો, પરંતુ OPS ક્યારે આપશો? : અમિત ચાવડા**
- **ગુજરાતમાં કોન્ટ્રાક્ટ – આઉટસોર્સિંગ પ્રથા નાબુદ કરો – યુવાનોનું શોષણ – અન્યાય બંધ કરો : અમિત ચાવડા**
- **આધુનિક યુગના દ્રોણાચાર્યોએ એસ.સી, ઓ.બી.સી, માઈનોરીટી વર્ગના પ્રતિભાશાળી યુવાનોના અંગૂઠા કાપ્યા : અમિત ચાવડા**
- **૧૯૯૫માં જે મંજુર મહેકમ હતું તેટલુ જ અધિકારીઓ-કર્મચારીઓ ૨૦૨૬માં કામ કરે છે. તેમાં પણ ૨૦% જગ્યાઓ ઉપર કોન્ટ્રાક્ટ – આઉટસોર્સિંગથી કામ લેવાય છે. : અમિત ચાવડા**
- **વસ્તીના પ્રમાણમાં મહેકમ માં વધારો કરો, કાયમી ભરતી કરી ગુજરાતમાં યુવાનોને કાયમી રોજગાર આપો : અમિત ચાવડા**
- **ભાજપ સરકારમાં કમાવી આપનારા અને રાજકીય એજન્ટ તરીકે કામ કરનારા અધિકારીઓને સારા-મલાઈદાર પોસ્ટીંગ, જયારે પ્રમાણિક-નિષ્ઠાવાન અધિકારીઓને સાઈડ પોસ્ટીંગ અને વારંવાર બદલીઓથી પરેશાન છે : અમિત ચાવડા**
- **સરકાર બદલી અને પોસ્ટીંગ માટે પારદર્શક પદ્ધતિનો અમલ કરે : અમિત ચાવડા**

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય શ્રી અમિતભાઈ ચાવડાએ રાજ્ય સરકારની કાર્યશૈલી અને નીતિઓ સામે તીવ્ર આક્ષેપો કર્યા હતા. સામાન્ય વહીવટ વિભાગમાં થતા ભારે ખર્ચ અને તેની સામે મળતા નબળા પરિણામો અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. સરકાર દ્વારા કરોડો રૂપિયાના પ્રોજેક્ટોની જાહેરાત કરવામાં આવે છે, પરંતુ જમીનસ્તરે સામાન્ય નાગરિકોને તેનું કોઈ યોગ્ય લાભ મળતો નથી. વર્ષ 1995ની તુલનામાં વસતિમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં સરકારી મહેકમમાં પૂરતો વધારો કરવામાં આવ્યો નથી.જે સરકારના ગેરવહીવટ અને નિષ્ફળતાનું સ્પષ્ટ પ્રતિબિંબ છે.

વધુમાં શ્રી ચાવડાએ જણાવ્યું કે રાજ્યમાં વધતી બેરોજગારી અને ભરતી પ્રક્રિયાની ગેરવ્યવસ્થાને લઈને પણ સરકારને કડક શબ્દોમાં ઘેરી હતી. લાખો યુવાનો વર્ષો સુધી મહેનત કરીને પરીક્ષાઓ પાસ કરે છે, પરંતુ ત્યારબાદ લાંબા સમય સુધી ભરતી પ્રક્રિયા પૂર્ણ થતી નથી, જેના કારણે યુવાનોમાં ભારે નિરાશા ફેલાઈ રહી છે. ઘણા કેસોમાં પરીક્ષા પાસ કર્યા બાદ પણ ઉમેદવારોને નિમણૂક માટે રાહ જોવી પડે છે અથવા પ્રક્રિયા જ અટવાઈ જાય છે.ખાસ કરીને ટેટ-ટાટ પાસ થયેલા શિક્ષકોના મુદ્દે તેમણે ઉલ્લેખ કર્યો કે, 2011થી આજ સુધી હજારો યુવાનો વયમર્યાદા વટાવી ચૂક્યા છે અને હવે નોકરી મેળવવાની તેમની આશા સંપૂર્ણ રીતે તૂટી ગઈ છે.

ભરતી પ્રક્રિયામાં વિલંબ અને ગેરવ્યવસ્થાના કારણે યુવાનોને ફિક્સ પગાર, કોન્ટ્રાક્ટ અને આઉટસોર્સિંગ આધારિત નોકરી કરવા મજબૂર થયા છે, જ્યાં "સમાન કામ માટે સમાન વેતન"નો અધિકાર છીનવાઈ રહ્યો છે.જેના કારણે ગુજરાતના યુવાનોનું શોષણ થાય છે.આજના સમયમાં પણ કેટલાક "આધુનિક દ્રોણાચાર્યો" એસ.સી., ઓ.બી.સી. અને માઈનોરીટી વર્ગના પ્રતિભાશાળી યુવાનોને યોગ્ય તકોથી વંચિત રાખી રહ્યા છે, જે બંધારણીય મૂલ્યોના વિરુદ્ધ છે. શ્રી અમિતભાઈ ચાવડાએ રાજ્ય સરકારને ભારપૂર્વક જણાવ્યું કે યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા મુદ્દાઓ પર સંવેદનશીલતા દાખવે, સમયસર ભરતી પ્રક્રિયા પૂર્ણ કરે અને કોન્ટ્રાક્ટ-આઉટસોર્સિંગ જેવી શોષણકારી પ્રથાઓને સંપૂર્ણ રીતે નાબૂદ કરે.

સામાન્ય વહીવટ દ્વારા તમામ સ્તરે વખતો વખત સૂચનાઓ અને પરિપત્રો પાઠવવામાં આવે છે. ગૃહમાં વારંવાર પ્રોટોકોલના પાલન અંગે ચર્ચા થાય છે, છતાં જનપ્રતિનિધિઓના પ્રોટોકોલ જળવાતા નથી. સરકારી કાર્યક્રમોની પત્રિકાઓ,સ્ટેજ વ્યવસ્થા કે અન્ય શિષ્ટાચાર દરેક સ્તરે ધારાસભ્યોની અવગણના થતી જોવા મળે છે. એક તરફ ઉત્સવો અને જાહેરાતો પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ પ્રજાના કલ્યાણ માટે કાર્યરત આ મહત્વના વિભાગના આદેશોની કોઈ અસરકારકતા દેખાતી નથી. શું આ વ્યવસ્થા માત્ર દેખાડા પૂરતી જ મર્યાદિત છે.


હેમાંગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮